# શ્રી નાઘેર દશા શ્રીમાળી યુવક મંડળ મુખપત્ર

જુન - ૨૦૧૮ | Total 16 Page | વાર્ષિક : રૂા. ૨/-



**માતાજી મહાલક્ષ્મી મંદિર, સીમર**
**૧૩૪ મો પાટોત્સવ**
**વિ.સં. ૨૦૭૪ - નિજ જેઠ સુદ ૫ને**
**સોમવાર, તા. ૧૮.૬.૨૦૧૮**









## CARNIVAL 4 - RELIVE BOLLYWOOD








# શ્રી નાઘેર દશા શ્રીમાળી યુવક મંડળ કારોબારી સમિતિના સભ્યો : ૨૦૧૮-૨૧


શ્રી હરિનભાઈ કિરીટકુમાર ગાંધી
પ્રમુખ


શ્રી પરેશભાઈ ધીરજલાલ ઝાટકિયા
ઉપપ્રમુખ


શ્રી વિજયભાઈ તારાચંદ પારેખ
માનદ્મંત્રી


શ્રી અજયભાઈ નવીનચંદ્ર દોશી
માનદ્ મંત્રી


શ્રી સંદિપભાઈ મનસુખલાલ કોઠારી
મા. ખજાનચી


શ્રી યોગેશભાઈ ધનસુખલાલ શાહ


શ્રી રાજેશભાઈ નંદલાલ શાહ


શ્રી સંજયભાઈ છબીલદાસ શાહ


શ્રી મુકેશભાઈ હરકિસનદાસ શાહ


શ્રી હરેશભાઈ ચંદુલાલ શાહ


શ્રી જીગ્નેશભાઈ કાંતીલાલ ઝાટકિયા


શ્રી વિક્રમભાઈ ભીખાલાલ શાહ


શ્રી હિતેશભાઈ જીતેન્દ્ર ચાવડા


શ્રી પુનિતભાઈ રજનીકાંત શાહ


શ્રી હિતેશભાઈ કાંતીલાલ શાહ


શ્રી જુગનુભાઈ નટવરલાલ શાહ


શ્રી રોહિતભાઈ પ્રકાશભાઈ ચૌહાણ


શ્રી મિલનભાઈ નરેન્દ્રભાઈ સગાળીયા


શ્રી અંકિતભાઈ શ્રીધરભાઈ શાહ


શ્રી હેમાંગભાઈ ચંદ્રકાન્તભાઈ શાહ

અમો શ્રી નાઘેર દશા શ્રીમાળી યુવક મંડળ કારોબારી કમિટીમાં ચૂંટાઈને આવવા બદલ
સમાજના દરેક સભ્યોનો આભાર માનીએ છીએ. ઈશ્વરની કૃપા અને આપ સૌનો પ્રેમ અને વિશ્વાસનો આદર
રાખી આપ સૌની અપેક્ષા પૂર્ણ કરવા જવાબદારીપૂર્વક પ્રયત્નો કરીશું.
ઝડપથી બદલાતા યુગ સાથે આપણો સમાજ પણ સર્વાંગી વિકાસ કરે તે માટે સતત પ્રયત્ન કરતા રહીશું

શ્રી નાઘેર દશા શ્રીમાળી યુવક મંડળ મુખપત્ર

**નાઘેર દર્પણ**

જુન - ૨૦૧૮ ❒ અંક - ૬ ❒ વાર્ષિક રૂા. ૨/-

**તંત્રી : શ્રી દિપક પ્રતાપરાય શાહ**

શ્રી નાઘેર સમાજ, ૩૬, જગડુશા નગર, માધવબાગ,
ઘાટકોપર (વે), મુંબઈ - ૮૬
email : insurebydeepak@gmail.com
Mob. : 93225 10529

**પ્રકાશક : શ્રી પ્રવિણચંદ્ર ગો. શેઠ**

***: સંપાદકીય કાર્યાલય :***

**શ્રી ધીરૂભાઈ ઝાટકિયા**

2, Alka, Tilak Road, Opp. Balaji Temple, Ghatkopar (E)
Tel.: 2102 4695, 96198 68803, 88504 46940
e-mail : zatakiad@yahoo.com

**હરેશભાઈ શાહ**

Tel.: 9324362226

***: માલિક - વહીવટી કાર્યાલય :***

**શ્રી નાઘેર દશા શ્રીમાળી યુવક મંડળ**

બેંક ઓફ ઈંડિયા Saving A/c. No 002010110019827
IFSC BKID 0000020

**શ્રી નાઘેર સમાજ**

૩૬, જગડુશા નગર, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.
Tel. : 2515 1639 / 2515 3199
website : www.shreenaghersamaj.org
e-mail : shreenaghersamaj@yahoo.com

**શાંતિ અમૃત બાગ, ગાંધી નગર, ડોંબીવલી (ઈસ્ટ)**

Tel. : 0251 - 2448538

**કેસરબાગ - ઉના**

Tel. : 02875 - 223251

શ્રી નાઘેર સમાજ, બેંક ઑફ ઈન્ડિયા, ઘાટકોપર (વે )
Saving A/c. No. 002010110010319
IFSC BKID 0000020

**મુદ્રક : ઓધવ ગ્રાફિક્સ્**

51/1-C, Giri Commercial, Ground Floor,
Near Bus depot,
Vidyavihar (W), Mumbai - 400 086
E-mail : odhavgraphics@gmail.com




**સહુ ભક્તોના હૃદયે બિરાજો,**
**અંતર દૃષ્ટિ ધ્યો નાથ,**
**બુદ્ધિ સુક્ષ્મ આપો સૌને,**
**અમૃત ભરી ધ્યો હાથ.**

# ડિગ્રીને ભવસાગર પાર કરનારી અણડુબ હોડી ન ગણો

અંગ્રેજી ભાષાનો પ્રથમ પ્રામાણિક શબ્દકોશ તૈયાર કરનાર ડૉ. સેમ્યુઅલ જોન્સન પાસે કોઈ ડિગ્રી નહોતી. પોતાની જાતે શીખીને અને વિશાળ વાચંનથી તેમણે અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવ્યું હતું અને વિદ્વતા તેમજ લેખનશક્તિ પણ સિદ્ધ કર્યા હતા. પચ્ચીસ - છવ્વીસ વર્ષની ઉંમરે પરચૂરણ લેખોના મહેનતાણા ઉપર પેટ ગુજારો કરતા, પણ હકિકતે ભૂખે મરતા. જોન્સનને મિત્રોએ કહ્યું કે ‘અંગ્રેજી ભાષાની અને અંગ્રેજી સાહિત્યની સેવા કરવાની તમારી ધગશ દાદ માગી લે તેવી છે, પણ તમે એક નોકરી લઈ લો ! કોઈક શાળામાં શિક્ષકની નોકરી લઈ લો ! શિક્ષકને મહિને બાંધેલો પગાર મળે ! તેમાં બે ટંકનું ખાવાનું અને ભાડાનું ઘર તો મળે ! પછી તો સેમ્યુઅલ જોન્સન નોકરીની શોધમાં લાગી ગયા. શિક્ષક્ની નોકરી શોધવા નીકળ્યા એટલે ખબર પડી કે તે માટે ઓછામાં ઓછી લાયકાત ગ્રેજ્યુએટની ડિગ્રી ગણાય !

ડૉ. જોન્સનના મિત્રોને તેમના ભાષાજ્ઞાન, તેમના સાહિત્યજ્ઞાન, તેમની વિદ્વતા માટે ઘણો ઉંચો મત હતો. વળી મિત્ર માટે પ્રેમ પણ હતો. તેમણે નિરાશ થઈ રહેલા જોન્સનને આશ્વાસન આપ્યું કે વાત માત્ર ડિગ્રીની જ છે ને ! એક યુનિવર્સિટીના કુલપતિને અમે ઓળખીએ છીએ. એ પણ વિદ્યાનુરાગી માણસ છે એને કહીશું કે ભાઈ, તમે અમારા દોસ્તની જે પરિક્ષા લેવી હોય તે લઈ લો, તે કોઈપણ પરિક્ષામાં બેસવા તૈયાર છે ! તમારી પરીક્ષા સારા માર્કે પાસ કરી આપે પછી તો વાંધો નથી ને ? તમે તે પછી તો એક ડિગ્રી આપી શકોને ?

જોન્સનના મિત્રોએ કુલપતિને પત્રો લખ્યા, રૂબરૂ મળ્યા પણ વિદ્યાનુરાગી કુલપતિએ કહ્યું કે જોન્સનની વિદ્વતા માટે મને માન છે, પણ આ રીતે ડિગ્રી અપાતી નથી ! યુનિવર્સિટી અલબત્ત માનદ્ ડિગ્રીઓ આપે છે, પણ તે તો એવી કાળજી સાથે આપે છે કે આવી ડિગ્રી મેળવનાર માણસને એ ડિગ્રી વટાવવાની જરૂર જ ન હોય. યુનિવર્સિટી આ કાગળનાં ફૂલ આપીને વધુ તો જાતે જ ધન્યતા અનુભવે છે. બાકી માણસ ગમે તેટલો વિદ્વાન હોય પણ તે હજુ જુવાન હોય, ગરીબ હોય, ડિગ્રીને નોકરીના બજારમાં વટાવવાની ગરજવાળો હોય તો તેને ડિગ્રી ન અપાય !

જોન્સનને ડિગ્રી ન મળી. તે દુઃખી થયો. થોડો વધુ વખત ભૂખે મર્યો. પણ સરવાળે તેને ફાયદો થયો. ડિગ્રીના વાંકે શિક્ષકની નોકરી ન મળી એટલે બમણા જોશથી સરસ્વતીની આરાધના શરૂ કરી. તે વધુ સારો સર્જક બન્યો. વધુ ખ્યાતિ પામ્યો અને માનદ્ ડિગ્રીનો અધિકારી પણ બન્યો.

વીસમી સદીના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન શાળા - કોલેજના ભણતરમાં બહુ હોંશિયાર નહોતા. તેમણે શિક્ષણ પદ્ધતિની આકરી ટીકા કરી છે. તેમણેકહ્યું કે પરિક્ષામાં ઉત્તિર્ણ થવા માટે જ વિદ્યાર્થીને અનેક નકામા વિષયો અને નકામી માહિતી મગજમાં ઠાંસવા પડે છે. જ્ઞાનની જિજ્ઞાસા આનાથી મરી જાય છે. આઈન્સ્ટાઈન ૨૧ વર્ષની ઉંમરે માંડમાંડ ગણિતના ખાસ શિક્ષક થવા માટેની ડિગ્રી મેળવી શક્યા, પણ નોકરી ન મળી. આઈન્સ્ટાઈનના પિતાએ બેકાર પુત્રની પીડાથી દ્રવિત થઈને પોતાના પુત્રને નોકરી આપવા એક ઓળખીતા નામાંકિત પ્રાધ્યાપક પર લખેલો પત્ર હૃદયદ્રાવક છે ! આઈન્સ્ટાઈન ખૂબ જ સ્વાભિમાની હતા. તેથી દિકરાની જાણ બહાર જ આવો પત્ર લખેલો. પિતા મૃત્યુ પામ્યા અને ઘણાબધાં વર્ષો પછી આ હકિકત બહાર આવી.

ડિગ્રી સારી કે ખરાબ તે પ્રશ્ન નથી. ડિગ્રીનો મોહ રાખવાની જેમ જરૂર નથી તેમ તેનો તિરસ્કાર કેળવવાની જરૂર નથી. ડિગ્રી મળે તો જરૂર લેવી પણ તેના વિના બધા વહાણ ડુબી જવાની ભીતી રાખવાની જરૂર નથી. ડિગ્રી મળે તો તે ભવસાગર પાર કરવાની અણડુબ હોડી ગણી લેવાની જરૂર નથી. તમારા જ્ઞાન અને કૌશલની કક્ષા એવી હોવી જોઈએ કે તેનો પરિચય થતાવેંત માણસ તમારી ડિગ્રી જાણીને ચકિત થાય. તમે તે ડિગ્રીના દિકરા નહીં, તેના દાદા લાગો છો.

***ભૂપત વડોદરિયા - સંકલન : ધીરૂભાઈ ઝાટકિયા***

# કોપર ખૈરાને પ્લોટ બાબત

***શ્રી નાઘેર સમાજને સીડકો તરફથી નવી મુંબઈ, કોપરખૈરનેમાં ઈ.સ. ૨૦૦૪ માં જે જમીનનો પ્લોટ ફાળવેલ હતો તે એગ્રીમેન્ટ ટુ લીઝ સીડકોએ રદ કરેલ છે. તે બાબત સમાજની જાણ ખાતર નીચે મુજબ માહિતી આપીએ છીએ. આપણે સીડકોના ઓર્ડર માટે કોર્ટમાં અપીલ કરવા પ્રયત્નશીલ છીએ.***

૧) ઈ.સ.૧૯૯૮ના વર્ષમાં શ્રી નાઘેર સમાજને પ્લોટ ફાળવવા માટે સીડકોને અરજી કરેલ, ૨૦૦૩માં આપણા સમાજને કોપરખૈરનેમાં ૬૧૬ ચો.મીટરનો પ્લોટ ૭ લાખ માં સીડકો દ્વારા ફાળવવામાં આવેલ. આપણી માગણી ૧૦૦૦ થી ૧૫૦૦ ચો.મી.ની હતી.

૨) ૨૦૦૪ માં સીડકો સાથે એગ્રીમેન્ટ થયેલ અને પ્લોટની રકમ આપણે બે હપ્તે સમયની મર્યાદાની અંદર ભરી દીધેલ.

૩) જે જગ્યાએ પ્લોટ મળેલ ત્યાં પહેલા ગામના બાળકોનું રમતનું મેદાન હતું,તેલોકો આ મેદાન માટે ઉંડી લાગણી ધરાવતા હતા અને ગામના લોકો પણ આ પ્લોટ માટે રસ ધરાવતા હતા. તેથી ત્યાંના રાજકીય નેતા દ્વારા આ પ્લોટ રદ કરાવવા સમાજ ઉપર ખૂબ જ દબાણ રહ્યા કરતું હતું.

૪) ચાર વર્ષની અંદર આપણે પ્લાન પાસ કરાવી મકાનનું બાંધકામ પૂરું કરવાનું હતું પણ ગામના લોકોના ડરને લીધે તથા મોટો પ્લોટ ફાળવવાના આશ્વાસનને લીધે બાંધકામ માટે ૨૦૦૬ સુધી પ્લાન પાસ કરાવવા આગળ વધ્યા ન હતા.

૫) ૨૦૦૬ના વર્ષમાં આ પ્લોટ આપણી જરૂરિયાત કરતા નાનો હતો અને ગામના લોકોનો ડર હતો તેથી નવા પ્લોટ માટે અરજી કરેલ તે સીડકો દ્વારા નકારવામાં આવી હતી.

૬) આપણા સમાજના પ્રતિનિધિઓ જે વાશીના રાજકીય નેતા સાથે વગ ધરાવતા હતા તેમણે પણ સમાજના હિત માટે પ્રયત્નો ચાલુ કર્યા, રાજકીય નેતા તેમજ તેમના પ્રતિનિધિ દ્વારા બીજો પ્લોટ મેળવી આપવાના વચનો મળ્યા, તેમજ આપણા વાર્ષિક મિલન સમારંભમાં અને અન્ય કાર્યક્રમોમાં હાજરી આપી જાહેરમાં પણ કહ્યું કે આપણું કામ થઈ જશે.

૭) રાજકીય નેતાઓના વચનનો, તેમજ આપણા પ્રતિનિધિઓના પ્રયત્નો ઉપર ઘણો સમય આશા રાખી, પણ રાજકીય નેતાઓ રમત રમી રહ્યા તેવું સમજાતા ૨૦૧૩ની આખરમાં આર્કિટેકટ મારફત મેડિકલ સેંટરના પ્લાન મુક્યા. સમય મર્યાદા વધારવા અરજી પણ કરી.

૮) ૨૦૧૪ ફેબ્રુઆરીથી ૨૦૧૫ ફેબ્રુઆરી સુધી સીડકોએ રૂપિયા સાત લાખ વધારાનું લીઝ પ્રિમિયમ લઈ સમય મર્યાદા વધારી આપી.

૯) આપણા બીલ્ડીંગ પ્લાનની કાર્યવાહી આગળ ચલાવવા આપણી સડિકોની શરૂઆતની ૨૦૦૩ની ફાઈલ ન મળતા આપણે દરેક ડોક્યુમેંટની કોપી તેના ઓફિસરનો રૂબરૂ આપી.

૧૦) નવી મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશન (NMMC) ના સાહેબોની ફેરબદલી ચાલુ થઈ હોવાથી આપણા પ્લાન પાસ કરવાનું કામકાજ ખુબ જ ધીમી ગતિથી થઈ રહ્યુંહતું.

૧૧) ફાયર ખાતાની પરવાનગી તથા પ્રોપર્ટી ટેક્ષ બાકી નથી તેને લગતા સર્ટિફિકેટ મેળવતા સમય મર્યાદા પુરી થઈ જતા સીડકોની સમય મર્યાદા એક વર્ષ વધારવા પાછી અરજી કરી અને ૨૦૧૫ ફેબ્રુઆરીથી ૨૦૧૬ ફેબ્રુઆરીની સમય મર્યાદા વધારી આપી, તે માટેનું ત્રણ લાખ વધારાનું લીઝ પ્રિમિયમ ભર્યું.

૧૨) આપણી ફાઈલનું કામકાજ આગળ ચાલ્યું. ફાયર NOC નો સમય પુરો થતાં પાછી નવી અરજી કરવી પડી. તે મળતા સમય લાગ્યો. ટેક્ષ કોઈ બાકી નથી તે માટેનુંપણ સર્ટિફિકેટ વર્ષ બદલાતા નવું લેવું પડ્યું. આ બંને ડોક્યુમેન્ટ આવતા થોડો સમય લાગ્યો, પ્લાનમાં ભુલો કાઢી, નવા પ્લાન માંગ્યા, આ બધું કરી આપતા પાછી આપણી સીડકોએ વધારેલી સમય મર્યાદા પુરી થઈ ગઈ.

૧૩) ૨૦૧૫ થી ૨૦૧૬ ફેબ્રુઆરીની સમય મર્યાદા પુરી પાછી માંગણી કરી, સમય મર્યાદા સીડકો વધારી આપી, વધારાનું લીઝ પ્રિમિયમ રૂા. ૨,૯૦,૦૦૦.૦૦ ભર્યું.

૧૪) ૨૦૧૬ના વર્ષમાં આપણા પ્લાન પાસ થઈ કામ ચાલુ કરવાની પરવાનગી મળવાની તૈયારી હતી. ત્યાં અચાનક હાઈકોર્ટના ઓર્ડર મુજબ ડેવલપમેન્ટ નિયમમાં ફેરફાર થતાં, પ્લાન નવેસરથી ફેરફાર કરી આપવા પડ્યા, તેમજ નિયમ મુજબ ફાયર વિભાગની પરવાનગી, પ્રોપર્ટી ટેક્ષ કોઈ બાકી નથી તેને લગતું સર્ટિફિકેટ વર્ષ પુરું થતા મેળવવા થોડો સમય લાગ્યો, ઉપરાંત નવી મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશનના બિલ્ડીંગમાં રીનોવેશન ઓફિસોનું થતાં આપણું કામ ધીમી ગતિએ ચાલતું હતું. નવા નિયમ મુજબ નવા પ્લાન કરવાના હતા. તે કારણે સમય મર્યાદા ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીની પુરી થઈ ગઈ.

૧૫) સમય મર્યાદા વધારવા ફેબ્રુઆરી ૨૦૧૭ થી ૨૦૧૮ સુધી પાછી

અરજી કરેલ, પણ ૨૦૧૮ સમય મર્યાદા વધાર્યાનો જવાબ આવ્યો નહીં, તેથી પાછી ઓનલાઈન અરજી સમય વધારવા કરી પણ તેની પહોંચ કે ઉત્તર આવ્યો નહીં.

૧૬) અમો ૨૭ એપ્રિલ ૨૦૧૮ ના તપાસ કરવા સીડકોની ઓફિસમાં ગયા ત્યારે આપણું કામ જોતા ઓફિસરે જણાવ્યું આપણા પ્લોટ ઉપર કામ શરૂ કરેલ નથી તેથી તેને લગતી કારણ દર્શક નોટીસ મોકલેલ છે. સીડકો પાસે નાઘેર સમાજનું ઘાટકોપર (વેસ્ટ) નું સરનામું હોવા છતાં આ નોટીસ પ્લોટના સરનામે સીડકોએ મોકલી જેમાં સીડકોનો ઈરાદો શું હતો તેનો ખ્યાલ આવે છે.

૧૭) આ કારણ દર્શક નોટિસનો જવાબ અમે રજાના દિવસો ૪/૫ હોવા છતાં તુરંત આપ્યો, પણ આપણા જવાબની રાહ જોયા વગર સીડકો પ્લોટનો અગ્રીમેન્ટ રદ કરેલ છે તેવો રજીસ્ટર કાગળ દ્વારા ઓર્ડર મોકલાવ્યો.

૧૮) આપણે તુરંત સોલીસીટર મારફત જવાબ મોકલાવેલ છે કે આપણો પ્લોટ રદ કરવાનો ઓર્ડર ખોટો અને ગેરવાજબી છે. હજી સુધી જવાબ આવેલ નથી.

૧૯) એપ્રિલ માસમાં લગભગ દોઢેક મહિના પહેલા વાશીના રાજકીય નેતાઓના અવારનવાર પ્લોટ બાબત સમાજના આગેવાન કાર્યકરોને ફોન આવતા. તેમને મળવા ગયા. આપણે તેમને સમજાવવાની કોશિષ કરી કે અમારા સમાજની પ્રવૃત્તિઓથી ગામના લોકોને ખુબ લાભ થશે. પણ જુદા જ શબ્દોમાં પ્રત્યુત્તર મળેલા. ગામના લોકો પ્લોટ પર બાંધકામ શરૂ કરી દેશે આપણે કહેલ કે બીજો પ્લોટ અપાવો તો આ પ્લોટ પાછો આપી દઈએ.

૨૦૦૪માં સીડકો સાથે કરારનામું ખરી ૨૦૧૮ સુધી કોપરખૈરને વાશીમાં સમાજે સમાજના કાર્યક્રમો માટે પ્લોટ મેળવેલ, પણ આજુબાજુ પહેલેથી રહેતા લોકો અને રાજકીય નેતાઓના દબાણ, તેમજ સીડકો તેમજ નવી મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશન સાથે રાજકીય નેતાઓની તેમની સાથે વગ હોવાથી સરકારી ખાતાની બેજવાબદાર કાર્યશૈલી વગેરે એક અથવા બીજા કારણે આપણા પ્લાન પાસ થતા અટકી પડતા તેનો ખ્યાલ આપ સર્વેને ઉપર દર્શાવેલ મુદ્દાઓ ઉપરથી સમજી શકશો. પણ કાયદાની દૃષ્ટિએ આપણે કોર્ટ મારફત સ્ટે મેળવી પ્લોટ પાછો મેળવી શકીએ તેમજ સીડકોમાં અપીલ કરી ઓર્ડર રદ કરાવી શકીએ છીએ, તે માટે કાર્યવાહી ચાલુ કરી દીધેલ છે. શ્રી નાઘેર સમાજની કારોબારી સમિતિની તા. ૨૩.૫.૧૮ ની મિટીંગમાં આ બાબત નિર્ણય કરવામાં આવેલ છે.

શ્રીનાથજીની કૃપાથી પ્લોટ પાછો મેળવી નવી મુંબઈમાં નાઘેર સમાજનું સંકુલ બનશે એવી આશા સમાજના કાર્યકરો રાખી આગળ વધી રહ્યા છે.

**શ્રી હરેન્દ્ર શાહ,**
**પ્રમુખ શ્રી નાઘેર સમાજ**



# માતાજી મહાલક્ષ્મી મંદિર, સીમર ૧૩૪ મો પાટોત્સવ

પ્રતિવર્ષ અનુસાર આ વર્ષે પણ માતા મહાલક્ષ્મી મંદિર, સીમરનો ૧૩૪ પાટોત્સવ ભાવભક્તિ અને ઉત્સાહ સભર ઉજવવાનો અવસર વિ.સં. ૨૦૭૪ નાં નિજ જેઠ સુદ ૫ને સોમવાર, તા. ૧૮.૬.૨૦૧૮ના રોજ આવી રહ્યો છે. મહાભિષેક, લક્ષ્મીયાગ અને મહાપ્રસાદનો લાભ લેવા સર્વે ભક્તોને ભાવભર્યું નિમંત્રણ છે. અભિષેક, યજ્ઞના યજમાન માટે જે ભક્તોને લહાવો મેળવો હોય તે સત્વરે નીચે મુજબ વ્યક્તિઓએ સાથે સંપર્ક કરી શકે છે.

## કાર્યક્રમ સૂચિ

| | |
|---|---|
| સવારે ૦૫.૩૦ | મંગળાઆરતી, દર્શન, નિત્યપૂજા, અભિષેક, પાઠ |
| સવારે ૦૭.૩૦ | શ્રૃંગાર આરતી, મંગળભોગ, સ્તુતિ |
| સવારે ૦૭.૪૫ | સર્વે ભક્તો દ્વારા પ્રદક્ષિણા |
| સવારે ૦૯.૦૦ | મહાલક્ષ્મી યજ્ઞનો આરંભ |
| સવારે ૧૦.૩૦ | માતાજીનો વિવિધ દ્રવ્યોથી મહાભિષેક |
| બપોરે ૧૨.૩૦ | યજ્ઞ પૂર્ણાહુતિ |
| બપોરે ૧૨.૪૫ | રાજભોગ આરતી |
| બપોરે ૦૧.૦૦ | મહાપ્રસાદ (સર્વે ભક્તો માટે) |

**પુજારી બાલકૃષ્ણ ગૌ. પાઠક : ૯૮૨૫૬૮૭૬૩૧**
**શ્રી ચેતનભાઈ શેઠ : ૯૯૦૪૮૨૨૯૩૭**

***લી. મહાલક્ષ્મી મંદિર કમિટી***

**શ્રી નાઘેર સમાજ**

## ગુજરાતી માઈનોરીટી સર્ટિફિકેટ મળશે

એસ.એસ.સી અને એચ.એસ.સી. ના પરિણામો થોડા સમયમાં આવશે. કેટલીક કોલેજમાં પ્રવેશ મેળવવા ગુજરાતી માઈનોરીટીના સર્ટિફિકેટની જરૂર પડે છે. સમાજ તરફથી સમાજના કુટુંબો કે જેમના નામ જ્ઞાતિદર્શનમાં છે તેમજ ગોળબહાર બહેનોના પરિવારના વિધ્યાર્થીઓને આપવામાં આવે છે. જેમને આવું સર્ટિફિકેટ જોઈતું હોય તેમણે માધવબાગમાં શ્રી રજનીકાંતભાઈ પુરોહિત અથવા રીનાબેનને ઓફિસના સમયમાં ફોન કરી કુટુંબ નંબર વિધ્યાર્થીનું નામ, સરનામું વગેરે જણાવવું અને બીજે દિવસે ઓફિસમાંથી મેળવી લેવું.

**સમય : સવારે ૧૦.૩૦ થી બપોરના ૧.૩૦**
**ફોન : ૨૫૧૫ ૧૬૩૯ / ૨૫૧૫ ૩૧૯૯**

**- માનદ્ મંત્રીઓ**


મુશ્કેલીઓ માનવીને હંમેશા વધુ બળવાન બનાવે છે.

# શ્રી નાઘેર સમાજ

૩૬. જગડુશા નગર, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૬.ફોન નં. ૨૫૧૫૧૬૩૯ / ૨૫૧૫૩૧૯૯
website : www.shreenaghersamaj.org. Email : shreenaghersamaj@yahoo.com

## શૈક્ષણિક સહાય : ૨૦૧૮ - ૨૦૧૯

**સમાજ શૈક્ષણિક સહાય નીચે મુજબનાં હેતુઓ માટે કરે છે. સમાજના આર્થિક જરૂરીયાતવાળા કુટુંબો આ સહાયનો લાભ લે એવી વિનંતી.**

| હેતુ | ધોરણ | સહાયની રકમ | રીમાર્ક |
|---|---|---|---|
| શાળા ફી<br>ટર્મ ફી<br>કોમ્પ્યુટર ફી | પ્લે ગ્રુપથી ધોરણ ૪ સુધી<br>૫થી કોલેજ સુધી | રૂા. ૭૦૦૦/-<br>રૂા. ૮૦૦૦/-<br>} સુધી પૂરેપૂરી અથવા જે ઓછામાં ઓછી હોય તે આપવામાં આવશે. | ૧. ફીઝની રકમ શાળા / કોલેજની રસીદ તથા ફીઝનાં પરિપત્ર પ્રમાણે ગણવામાં આવશે. તેમાં દરેક ફીઝનો સમાવેશ કરવામાં આવશે.<br>૨. પ્લે ગ્રુપથી કોલેજ સુધી વાર્ષિક ફી **રૂા. ૩૫૦૦૦/-*** થી ઓછી હશે તેમને નિયમ પ્રમાણે સહાય આપવામાં આવશે.<br>૩. ડિપોઝીટ ફી , ડોનેશન તથા બસ ફી સહાયની રકમ માટે ગણવામાં આવશે નહીં. |
| ટ્યુશન ફી | ૧ થી ૪ | રૂા.૧૫૦૦/- સુધી પુરે પુરી અથવા શ્રી દિનેશ વરજીવનદાસ કામદાર તરફથી મળેલ રકમ સરખા ભાગે વહેંચતા જે રકમ આવે તે આપવામાં આવશે. | ૧. તા. ૩૦.૬.૨૦૧૮ પહેલા અલગ ફોર્મમાં અરજી સ્વીકારવામાં આવશે.<br>૨. વાર્ષિક ટ્યુશન ફીઝ **રૂા.૧૮૦૦૦/-***થી ઓછી હશે તેમને અરજી કરવા વિનંતી. |
| | ૫,૬,૭,૮ તથા ૧૧,૧૩,૧૪,૧૫ | રૂા. ૪૦૦૦/-<br>રૂા. ૬૦૦૦/-<br>} સુધી પૂરેપૂરી અથવા ઓછામાં ઓછી હોય તે આપવામાં આવશે. | **<u>અરજી ફોર્મ : તા. ૩૧.૭.૧૮સુધી સ્વીકારવામાં આવશે.</u>**<br>ધો. ૫ થી ૮ વાર્ષિક ટ્યુશન ફીઝ **રૂા. ૪૦૦૦૦/-** *સુધી અને ધોરણ ૧૧, ૧૩ થી ૧૫ **રૂા. ૬૫૦૦૦/-***સુધી હશે તેમને અરજી કરવા વિનંતી. |
| | ૯ ,૧૦ તથા ૧૨ | રૂા. ૧૦૦૦૦/- સુધી પુરેપુરી અથવા ઓછામાં ઓછી હોય તે આપવામાં આવશે. | વાર્ષિક ટ્યુશન ફીઝ **રૂા. ૬૫૦૦૦/-*** સુધી હશે, તેમને અરજી કરવા વિનંતી. |
| પુસ્તક તથા ગણવેશ | ૧ થી ૧૨ | રૂા. ૨૦૦૦/- | જે શાળામાં ફીઝ ન હોય તેમના માટે |
| છાત્રાલય | ૫ થી વધુ | રૂા. ૨૫૦૦૦/- વધુમાં વધુ | જે વિદ્યાર્થીઓ છાત્રાલય હોસ્ટેલ ગુરૂકુલમાં રહી અભ્યાસ કરતા હશે તેમને બોર્ડીંગ દ્વારા સહાય આપવામાં આવશે. |

* જેમની ફી આ રકમથી વધુ હોય તેવા જરૂરિયાતવાળા કુટુંબોએ જુદા કાગળમાં ફોર્મ સાથે અરજી કરવી. જે ઉપર શિક્ષણ સમિતિ વિચાર કરશે.

| હેતુ | ધોરણ | <u>કોલેજ બુક ૧૭૨ પાના</u> | <u>જંબો એ ૪ બુક ૧૭૨ પાના</u> |
|---|---|---|---|
| * નોટબુક (વિના મુલ્ય) | ૧થી ૪ | ૧૫ | - |
| | ૫ થી ૮ | ૧૨ | ૧૨ |
| | ૯ થી ૧૨ | ૨૪ | ૧૨ |
| | કોલેજ | ૧૨ | ૧૨ |
| **નોટબુક પડતર કિંમત મળશે.** | ૧૭૨ પાનાકોલેજ બુક<br>૧૭૨ પાના એ ૪ સાઈઝ | રૂા. ૨૫ /-પ્રતિ નંગ<br>રૂા. ૩૫/- પ્રતિ નંગ | |

*** સમાજના કુટુંબોને તથા ગોળબહાર બહેનોના પરિવારના બાળકોને વિના મુલ્યે મળતી નોટબુક સરખી જ સંખ્યામાં આપવામાં આવશે.**

**અગત્યની સૂચના : ગોળ બહાર બહેનના બાળકો માટે કે.જી. થી ધોરણ ૧૨ સુધી જ સમાજના નિયમ પ્રમાણે આપવામાં આવતી સહાયનાં વધુમાં વધુ ૫૦% રકમ આપવામાં આવશે. ગોળ બહારના પરિવાર માટે અલગથી અરજી પત્રક ભરવા વિનંતી.**

૧ શૈક્ષણિક સહાય માટે અરજી નિયત ફોર્મમાં કરવાની રહેશે. **છેલ્લા પગાર / આવકનું** સર્ટિફિકેટ તથા મેડિક્લેઈમ પોલિસીની ઝેરોક્ષ કોપી ફરજીયાત આપવાની રહેશે. આ સિવાય નીચે જણાવેલ ત્રણ ડોક્યુમેન્ટમાંથી કોઈપણ બે આપવાનાં રહેશે. **(અ) છેલ્લું ઈલેક્ટ્રીક બીલ (બ) છેલ્લી ભાડાની કે સોસાયટી બીલ ભર્યાની રસીદ (ક) બેંક ખાતાના ચેકની કોપી**

૨ સ્કુલ ફી રસીદ અને છેલ્લા પરિણામની ઝેરોક્ષ અરજી સાથે આપવી. ફીસ ભરેલ ન હોય તો ફી દર્શાવતા શાળાના સરક્યુલરની કોપી આપવી. દરેક અરજી પર વિભાગીય કાર્યકરની સહી હોવી જરૂરી છે.

૩. ઉના - રાયગઢ વિસ્તાર માટે સ્થાનિક કાર્યકરોનો સંપર્ક સાધવો.

૪. **સમાજ શૈક્ષણિક સહાયની રકમ કુટુંબનાં સભ્યનાં બેન્ક ખાતામાં સીધી જમા કરાવશે. જે માટે જરૂરી વિગત સહાયનાં ફોર્મમાં ભરવાની રહેશે. ટ્યુશન ફી રકમ ન મળી હોય તેઓએ તા. ૩૧.૮.૧૮ પછી જ પૂછપરછ કરવી.**

૫. **ઉચ્ચ શિક્ષણ ઋણ શિષ્ય વૃત્તિ :** સમાજ તરફથી ધોરણ ૧૧ થી ઉપર કુલ ફીનાં ૭૫% વધુમાં વધુ એક લાખ રૂપિયા સહાયની રકમ લોન તરીકે આપવામાં આવશે. **જેઓએ શૈક્ષણિક સહાય લીધી હોય તેઓએ ઋણ શિષ્યવૃત્તિ માટે અરજી કરવી નહીં.**

૬. શૈક્ષણિક સહાય તથા તેજસ્વી વિદ્યાર્થીના ફોર્મ સમાજની વેબસાઈટ www.shreenaghersamaj.org ઉપરથી ડાઉનલોડ કરી શકો છો. અરજી પત્રક તમારા વિસ્તારના કાર્યકર્તાઓ પાસેથી મેળવી લેવા અને તાત્કાલિક ભરીને મોકલી આપવા.

૭. અધૂરી વિગતો ધરાવતાં અરજીપત્રક ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં તેમજ જે અરજી નિયમાનુસાર આવેલ નહીં હોય **અથવા યોગ્ય લાગશે તે અરજીકર્તાને રૂબરૂમાં બોલાવી કાર્યકર્તા સાથે વાતચીત કર્યા બાદ જ સહાય આપવામાં આવશે.**

૮. સહાયની મંજુર થયેલ રકમ જુલાઈ - ઓગસ્ટ ૧૮ અને ઓક્ટોમ્બર/ નવેમ્બર ૧૭માં સરખા ભાગે અરજદારના બેન્કનાં ખાતામાં ડિપોઝીટ કરવામાં આવશે.

૯. સમાજ તરફથી અપાતી સહાય બાબત નાઘેર સમાજના માનદ્ મંત્રીઓનો નિર્ણય આખરી રહેશે.

૧૦. **વધારાની શૈક્ષણિક સહાય : શ્રી નાઘેર સમાજ તરફથી અપાતી શૈક્ષણિક સહાય આપ્યા બાદ વધારે જરૂરિયાતની રકમ. શ્રી જયંતીલાલ ગાંધી તથા શ્રી શાંતીલાલ વેણી કેળવણી ફંડમાંથી આપવામાં આવશે. જેમને વધારાની શૈક્ષણિક સહાય જોઈતી હોય તેમણે જુદી અરજી કરવાની રહેશે. કુટુંબની આર્થિક સ્થિતિ પ્રમાણે અરજી ઉપર વિચારણા થશે. સમાજ દ્વારા સહાયમાં અપાતી રકમ જેટલી જ વધારાની સહાય સમાજના નિયમોને આધીન આપવામાં આવશે.** *- માનદ્ મંત્રીઓ*

# શ્રી નાઘેર દશા શ્રીમાળી યુવક મંડળ

## શૈક્ષણિક સહાય : ૨૦૧૮-૨૦૧૯

નોટબુક વિતરણ તથા સહાય માટેની તારીખ તથા સ્થળની માહિતી નીચે મુજબ આપવામાં આવી છે તથા સ્થાનિક કાર્યકર્તાઓના નામ અને મોબાઈલ નંબર આપવામાં આવ્યા છે. વધુ વિગત માટે વિભાગીય કાર્યકર્તાઓનો સંપર્ક કરવો.

**દરેક કેન્દ્રનો સમય સવારે ૧૦.૩૦ થી બપોરે ૧૨.૩૦ રહેશે.**

**કાર્ય : નોટબુક વિતરણ અને શૈક્ષણિક સહાય અરજીનો સ્વીકાર**

**શૈક્ષણિક સહાય કેન્દ્રો નીચે મુજબ છે.**

**માધવબાગ, જગડુશાનગર, ઘાટકોપર (વે)**

૩ જી જુન - ૨૦૧૮

ફોન નં. : ૦૨૨-૨૫૧૫૩૧૯૯-૦૨૨-૨૫૧૫૧૬૩૯

કાર્યકર્તા : શ્રી જુગનુ શાહ, શ્રી રોહિત ચૌહાણ, શ્રી રાજેશભાઈ શાહ (જનતા મસાલા)

---

**શાંતિ અમૃતબાગ - ડોંબીવલી (ઈ)**

૩ જી જુન - ૨૦૧૮ તથા ૧૦ મી જુન ૨૦૧૮

(ઓ) ૦૨૫૧ - ૪૪૮૫૩૮

**કાર્યકર્તા :** શ્રી સંદિપભાઈ કોઠારી, શ્રી સુરેશભાઈ મોદી, શ્રી શરદભાઈ શાહ, શ્રી પુનીત રજનીકાન્ત શાહ, શ્રી હિતેશ કાંતીલાલ શાહ

---

**એવરેસ્ટ નગર ઘનસોલી**

૩ જી જુન - ૨૦૧૮ તથા ૧૦ મી જુન ૨૦૧૮

**કાર્યકર્તા :** શ્રી જીજ્ઞેશભાઈ ઝાટકિયા મો : ૯૬૧૯૮ ૬૮૮૦૪, શ્રી વિક્રમભાઈ શાહ મો : ૯૮૧૯૪ ૧૦૨૪૧ શ્રી પિયુષભાઈ શાહ, શ્રી અંકિત શાહ

---

**વાશી - વિભાગ :**

૩ જી જુન ૨૦૧૮

શ્રી પ્રવિણચંદ્ર દુર્લભદાસ શાહ

શોપ નં. ૩, શિવપૂજા એપાર્ટમેન્ટ, પ્લોટ ન. ૯૯, સેકટર - ૨૯, વાશી. નવી મુંબઈ

**કાર્યકર્તા :** શ્રી સંજયભાઈ સી. શાહ - મો. ૯૮૨૦૫૩૨૭૭૯ શ્રી હરેશભાઈ ચંદુલાલ શાહ, શ્રી યોગેશભાઈ શાહ, શ્રી મુકેશભાઈ શાહ, શ્રી પરેશભાઈ ઝાટકિયા, શ્રી મિલન સગાળીયા

---

**પશ્ચિમ પરા**

૩ જી જુન - ૨૦૧૮ તથા ૧૦ મી જુન ૨૦૧૮

શ્રી હેમંત નંદલાલ શાહ, બી - ૨૧, શશીતારા એપાર્ટમેન્ટ, મંડપેશ્વર રોડ, મંડપેશ્વર ફ્લાય ઓવરની બાજુમાં, બોરીવલી (વેસ્ટ), મુંબઈ

**કાર્યકર્તા :** શ્રી હિતેશભાઈ જે. ચાવડા - મો. ૯૮૨૦૯૮૯૯૭૮ શ્રી મનિષભાઈ શાહ, શ્રી હેમાંગભાઈ શાહ

વધુ વિગત માટે કાર્યકર્તાઓનો સંપર્ક કરવો. **- માનદ્ મંત્રીઓ**

શ્રી નાઘેર સમાજ સંચાલિત

## શ્રી ઉત્તમલાલ કેશવજી ચૌહાણ મેડિકલ સેન્ટર
## શ્રીમતી કમળાબેન શાંતિલાલ વેણી આયકેર સેન્ટર

• મે ૧૮ માં ૭૮ દર્દીઓએ હોસ્પિટલમાં પ્રવેશ લઈ સારવાર લીધી. નીચે મુજબ દર્દીઓએ હોસ્પિટલની સેવાનો લાભ લીધો

| | | | |
|---|---|---|---|
| પેથોલોજી | ૭૭૬ | એક્સરે | ૩૯૯ |
| ઈસીજી | ૧૪૧ | સોનોગ્રાફી | ૭૪ |
| ડેન્ટલ (જુના) | ૫૯૮ | ડેન્ટલ-નવા | ૧૭૫ |
| કન્સલટેશન | ૩૪૭૦ | I.C.U. | ૭ |
| • ઓપરેશન • | | | |
| મોતીયાના કુલ ઓપરેશન | | | ૨૮ |
| મોતીયાના ફ્રી ઓપરેશન (સમાજ તરફથી) | | | ૨ |
| જનરલ સર્જરી | ૧૬ | મેડિકલ | ૩૪ |
| કુલ | | | ૭૮ |

## શ્રી નાઘેર સમાજ
## માધવબાગ- ઘાટકોપર માટે મેનેજરની જરૂર છે.

શ્રી નાઘેર સમાજની ઘાટકોપર વેસ્ટમાં આવેલ માધવબાગ માટે પીઢ, અનુભવી, કમ્પ્યુટર એકાઉન્ટ જાણકાર મેનેજરની જરૂર છે. સરકારી સંસ્થા કે બેન્કમાં નિવૃત્ત વ્યક્તિ અરજી કરી શકે છે. ઈચ્છિત ઉમેદવારોએ લેખિત અરજી શ્રી નાઘેર સમાજ, ૩૬, જગડુશા, ઘાટકોપર (વે), મુંબઈ -૮૬ માં કરવી

## શ્રી જયંતીલાલ ગાંધી તથા શ્રી શાંતીલાલ વેણી શૈક્ષણિક કોર્પસ ફંડ વધારાની શૈક્ષણિક સહાય અંગે

જરૂરિયાતમંદ કુટુંબોએ શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૧૮-૧૯ની રકમ મળ્યા પછી પણ શૈક્ષણિક માટે વધારાની રકમની આવશ્યકતા હોય તેવા કુટુંબોએ જુદા કાગળમાં અરજી કરવી. તે ઉપર પૂરતું લક્ષ આપવામાં આવશે.

## CHANGE OF ADDRESS

**Family No. 1151 Harish Pranlal Vora**
30, Nakuleshwar, Bhattacharya Lane,
Primarc Aspire Flat No. 1A, Kolkata 700 026
Mob : 9331061925 / 9830757989
Pregna : 9339101177 Rajshree : 9874409672

Family No. 579
**Mayank Pankaj Chauhan - 99209 98184**

## ઘરદીઠ ફાળાની વધારાની યાદી

મે માસના નાઘેર દર્પણમાં વિ. સં. ૨૦૭૪ નો ઘરદીઠફાળાની યાદી આપવામાં આવી હતી. આ યાદીમાં નાઘેર સમાજમાં આવેલ રકમ ની યાદીમાં શરતચુકથી થોડા નામ આપવાના રહી ગયેલ છે. તે અત્રે આપીએ છીએ. ક્ષતિ બદલ ક્ષમા.

| | | | |
|---|---|---|---|
| 0827 | ARVIND MANILAL SHETH | DIU | 5000.00 |
| 0501 | JAYANTILAL LAXMICHAND SHAH | GANGDA | 2500.00 |
| 1340 | GIRISH KANTILAL VENI | SIMAR | 750.00 |
| 1359 | MAHENDRA A. SHAH | SIMAR | 3100.00 |
| | MANOJ HEMCHAND SHAH | | 250.00 |
| 0116 | DEEPAK AMRUTLAL SHAH | UNA | 1100.00 |
| 0122 | JAYENDRA VRAJLAL GANDHI | UNA | 15000.00 |
| 0196 | JAYNTILAL MANILAL SHAH | UNA | 50000.00 |
| 0571 | HARESH HARKHLAL CHUHAN | GANGDA | 1001.00 |
| 0915 | DR. RAJNIKANT N. SHAH | DIU | 1000.00 |
| 0872 | PANKAJ LAXMIDAS SHAH | DIU | 12500.00 |
| 0297 | LAXMIDAS BHAGVANDAS SHETH | UNA | 5000.00 |
| 0658 | JITENDRA D. ZATKIA | GHATWAD | 22751.00 |
| 0658GB | SHITAL KALPESH SHAH | | 2751.00 |
| 0658GB | JALPA JIGNESH SANGHAVI | | 2751.00 |
| 1305 | HARSHAD NAROTTAMDAS SHAH | SIMAR | 25000.00 |
| | VINODCHANDRA BHOGILAL | | 4000.00 |
| 1207 | MEHUL SHASHIKANT CHAVDA | SAMTER | 2103.00 |
| 0733 | NARENDRA GOVARDHANDAS MEHTA | TIMBI | 2103.00 |
| | KIRTIBEN CHANDRAKANT SHAH | | 1000.00 |
| 022 | KIRTI SPAICES - AMRUTLAL RANA | UNA | 22000.00 |
| 1104 | MANSUKHLAL BHAICHAND CHAVDA | SAMTER | 10000.00 |
| 0490 | SURENDRA BECHARDAS SHAH | GANGDA | 12500.00 |
| *072 | DINESH CHUNILAL SHETH | UNA | 5600.00 |

* FROM SUSPENSE ACCOUNT

**મે માસની યાદીમાં સુધારો :**

SATYAM AGRO ની જગ્યાએ

| | | | |
|---|---|---|---|
| 1230 | `UMAKANT HARKISHANDAS SHAH | SMATER | 7500.00 |

## વેવિશાળ નોંધ

卐 દીવ નિવાસી હાલ ઘાટકોપર શ્રીમતી જયનાબેન અજયભાઈ નવીનચંદ્ર દોશીની સુપુત્રી **ચિ. નિધિ** નું વેવિશાળ લાઠી નિવાસી હાલ થાણે શ્રીમતી સ્મિતાબેન બિપીનભાઈ વ્રજલાલ મહેતાના સુપુત્ર **ચિ. પુનિત** સાથે તા. ૧૨.૦૫.૧૮ ના રોજ થયેલ છે.

લોકો અંજાઈ જાય એવું નહીં પણ 'જીવન એવું જીવો કે લોકો આપણી લાગણીથી ભીંજાઈ જાય. - ડોંગરેજી મહારાજ

# CARNIVAL 4 - RELIVE BOLLYWOOD

'Carnival' a house hold name now, has accompanied with lots of hard work and support and we 'carnival family' are rejoicing the success of 4 mind-blowing seasons of 'carnival;' to start with 'carnival' in the initial stage was a matter of concern as to whether it will receive appropriate response or not because the format of 'carnival' was new to everyone. But, to our surprise, invaluable support from our fellow teenagers was overwhelming and here we are completed 4 years (2015-2018)

The Unquie feature of 'carnival' is that it is organised by teenagers independently 'The teengers of ghansoli.' Right from getting sponsors to event execution is done by us independently without help of any elders. The sole moto being showcasing our talent as event managers and performers with God's grace, we have been lucky to get adequate response over the 4 years.

'Carnival' is a 3 days event which requires almost 15 days, of practise to be done prior for the performance on the event days. 'Carnival' consists of 4 teams viz Viral's Vintages', 'Charmi's Carnivore crunchers, 'Hemali Hammerheads' and 'Pranav Predators'lead by their respective mentors and organsied by their captains. These 4 teams compete in various events and games throughout 3 days to win the 'Carnival' title. This games are designed prior and requires almost 2 months of brain storming activity by mentors to design 'Carnival'

This year's 'Carnival' was based on bollywood. This year 'Carnival Family' Paid tribute to the legends of bollywood and the bollywood cinema. This year the game were designed in and around bollywood. We experienced some remarkable bollywood. We experienced some remarkable performances this year. We excelled in terms of paying tribute to bollywood . The Carnival Style.'

The idea and inspiration of 'Carnival' came when we saw some hidden talents but there were no events which can bring them out so, we thought of organising an event which could give platform to talents and bring people together for celebrations.

At 'Carnival' we aim at bringing out the hidden talents and also urging the participants to try genre which they have not tried before 'Carnival' consists of genre like dance, drama, Creativity, food event, fine arts, photography, informal events, personality contests and much more. At 'Carnival' we put participants to test based on these games and bring out the best in them.

'Carnival' now has not remained just an event but has become a grand festival and sensation amongst the people of 'Everest Nagar, Ghansoli' 'Carnival' has participants from all age groups and celebrated by all. Every year we see smiling participants waiting for next season to come. 'Carnival' Sees cut throat competition but at the end of the day, we remain together as one proud. "carnival Family. We don't let competition ruin our relations but we see 'Carnival' as strengthening our friendships.

'Carnival' marks dedication, team Spirit, togetherness, team unity & most important, even though we belong to differnt teams but we ramain & represent as one whole 'Carnival Family'

We take privilege to thank the Nagher committee members and Nagher karyakartas. who took out time and attended our event. we thank for their valuable blessings and support. Regards

Carnival Family


## FLAT FOR SALE

1BHK Flat - Dombivali (East)
Flat No. 3, Fisrt Floor,
508 Sq. Ft. Area - Carpet Area - 415
Price : 41 Lacs (Not Negitiable)
Contact : 88505 04230 / 88794 34622
Note : Want only Gujarati Family


## બાળ દર્પણ

*Happy Birthday*



નામ : મિત
તા. : ૧૧.૦૬.૧૦૧૬
માતા : વૈશાલી પ્રકાશ દોશી

# ભેટની યાદી

| ભેટ | | શ્રી નાઘેર સમાજ | યુવક મંડળ | બોર્ડિંગ | માતાજી મહાલક્ષ્મી |
|---|---|---|---|---|---|
| **વેવિશાળ ભેટ** | | | | | |
| શ્રી અજય નવિનચંદ્ર દોશી, દીવ ચિ. નિધિ | | ૩૦૦ | ૩૦૦ | -- | ૪૦૦ |
| શ્રી બિપીનભાઈ વ્રજલાલ મહેતા, લાઠી ચિ. પુનિત | | ૩૦૦ | ૩૦૦ | -- | ૪૦૦ |
| **લગ્ન ભેટ** | | | | | |
| શ્રી યોગશ નરોત્તમદાસ મહેતા, ચિ. ડૉ. જીલ ટીંબી | | ૩૦૦૦ | -- | -- | -- |
| શ્રી પ્રવિણચંદ્ર નીસર , ચિ. ડૉ. ઋષભ સાંધાઈ | | ૩૦૦૦ | -- | -- | -- |
| શ્રી મહેશભાઈ વૃજલાલ તેજાણી, ઘાંટવડ ચિ. હેમાલી | | ૫૦૦ | ૨૫૦ | -- | ૨૫૦ |
| શ્રી સરેશચંદ્ર ગાંધી, ધોરાજી ચિ. ધવલ | | ૫૦૦ | ૨૫૦ | -- | ૨૫૦ |
| **સ્મરણાર્થે ભેટ** | | | | | |
| **સ્વ.જયસુખલાલ માણેકચંદ શાહના સ્મરણાર્થે** | | | | | |
| રશ્મિબહેન જયસુખલાલ શાહ, ગાંગડા | | ૨૫૦૦ | ૨૫૦૦ | -- | ૨૫૦૦ |
| અ. સૌ. હેતલબહેન પ્રશાંતકુમાર ટોલીયા | A | ૫૦૦૦ | -- | -- | -- |
| **સ્વ. પદમાબેન જમનાદાસ મહેતાના સ્મરણાર્થે** | | | | | |
| તેમના પરિવાર તરફથી | D | ૧૫૦૦૦ | -- | -- | ૨૫૦૦ |
| **ખુશાલી ભેટ** | | | | | |
| શ્રી મુકુંદ ભરત પારેખ | D | ૧૦૦૦૦ | — | -- | -- |
| શ્રીમતી લીનાબેન મુકેશભાઈ બખાઈ તરફથી અંબરીષભાઈની સુપુત્રી ચિ. ક્રેશા જન્મદિવસ નિમિત્તે દાદી તરફથી ભેટ | | -- | ૧૧૦૦૦ | -- | -- |
| શ્રી ભૂપેન્દ્ર નાનાલાલ પરમાર ૬૦ માં જન્મદિવસ પ્રસંગે | | ૧૧૦૦૦ | -- | -- | -- |

A આંખના મોતીયાના ફ્રી ઓપરેશન માટે B શ્રીમતી જેકુંવરબેન ઉત્તમલાલ કેશવજી ચૌહાણ કાયમી સહાય ફંડ D શ્રીમતી કમળાબેન શાંતિલાલ વેણી કેળવણી ફંડ

C શ્રી સદ્‌ગુરૂ જગજીવનબાપુ ઉચ્ચ શિક્ષણ તથા વૈદકિય રાહત ફંડ E શ્રીમતી હીરાલક્ષ્મી વાડીલાલ નંદલાલ શાહ જીવન આવશ્યક ચીજવસ્તુ વિતરણ સહાય ફંડ

F હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની સારવાર માટે G શ્રી ચંપકલાલ નંદલાલ શાહ યુનીફોર્મ ફંડ H શ્રી આવાસ નિર્માણ ફંડ J વિદ્યાર્થી દત્તક યોજના

K શ્રી જયંતીલાલ ગાંધી અને શાંતિલાલ વેણી શૈક્ષણિક કોર્પસ ફંડ



## અભિનંદન

ગાંગડાનિવાસી (હાલ ઘનસોલી) શ્રી ભાવેશભાઈ ભાલચંદ્ર કોઠારીના સુપુત્ર **ચિ. શક્તિ કોઠારી** હાલ ઉચ્ચ અભ્યાસ (M.S. in Business Analytics) માટે USA ગયા છે. તેમને અભ્યાસમાં ઉચ્ચ સફળતા પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા અને ઈશ્વરને પ્રાર્થના.

**લી.**

**ગં. સ્વ. વસંતપ્રભાબેન નરોત્તમદાસ શાહ**

**શ્રી રાજેશ નરોત્તમદાસ શાહ**

**શ્રીમતી હીનાબેન રાજેશ શાહ**

*(સૌજન્યથી)*

**ડાયરેકટ જમા થયેલ રકમની વિગત જોઈએ છે**

1. 9.1.2018
   By Mumbai District Co.op. Bank
   Ch. No. 000471 Rs. 5000/-

2. 24.3.18
   Bank of India
   Transfer Rs. 3150/-

ઉપર જણાવેલ રકમ શ્રી નાઘેર દશા શ્રીમાળી યુવક મંડળના બેંક ખાતામાં રકમ જમા થયેલ છે. જેમણે જમા કરાવેલ હોય તેમણે નીચે જણાવેલા કાર્યકર્તાનો સંપર્ક કરવો.

**શ્રી મુકેશભાઈ હરકિસનભાઈ શાહ**

**૯૩૨૨૨ ૨૫૪૯૬ અથવા**

**મનિષ શાહ - ૦૯૮૩૩૧ ૨૦૦૧૧**

## પ્રભુ દેજો પરમ શાંતિ



- ભાચા નિવાસી (હાલ અંધેરી) ગં. સ્વ. હંસાબહેન કાંતીલાલ શાહ ઉ.વ. ૮૨ તા. ૬.૫.૧૮ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.



- ગાંગડા નિવાસી ભોગીલાલ મુલચંદ સોમાણી (હાલ વાશી) ઉ.વ. ૭૦ તા. ૮.૫.૧૮ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.



- ગાંગડા નિવાસી હાલ વાશી શ્રી પંકજ મનુભાઈ કામદારના ધર્મપત્ની અ. સૌ. જસ્મિનાબહેન ઉ.વ. ૫૬ તા. ૧૩.૫.૧૮ ના રોજ શ્રીજીચરણ પામેલ છે.



- ગાંગડા નિવાસી (હાલ ઘાટકોપર) ગં. સ્વ. પ્રભાવતી રતિલાલ પરમાર ઉ.વ. ૯૦ તા. ૧૬.૫.૧૮ના રોજ શ્રીજીચરણ પામેલ છે.



- ટીંબી નિવાસી (હાલ ગાંધીનગર) સ્વ. જમનાદાસ પ્રાણજીવનદાસ મહેતાના ધર્મપત્ની પદમાબહેન ઉ.વ. ૮૬ ગાંધીનગર મુકામે શનિવાર તા. ૧૯.૫.૧૮ના રોજ શ્રીજીચરણ પામેલ છે.



- ગાંગડા નિવાસી જયસુખલાલ માણેકલાલ શાહ ઉ.વ. ૬૭ મુંબઈ મુકામે મંગળવાર તા. ૨૨.૫.૧૮ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

## ગુજરાતમાં એક પરબ સમાન હોસ્પીટલ

**સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા ટ્રસ્ટ સંચાલિત**

ટીંબા, તા. ઉમરાળા, જિ. ભાવનગર (અમદાવાદ - અમરેલી હાઈવે)

આ હોસ્પીટલમાં દર્દીઓની સંપૂર્ણ તપાસ, તમામ દવાઓ કોઈપણ જાતના ચાર્જ વિના અપાય છે. આ ઉપરાંત દર્દીઓ તેમજ તેમના સગાઓને ઉત્તમ પ્રકારનું રહેવાનું તથા ભોજનની સગવડ આપવામાં આવે છે.

નાના - મોટા ઓપરેશન માટે પણ કોઈપણ જાતનો ચાર્જ લેવામાં આવતો નથી. એકપણ રૂપિયો લીધા વિના પ્રસ્તુતિ કરી આપવામાં આવે છે. પ્રસ્તુતાને એક કીટ અપાય છે. ચોખ્ખું ઘી, ગોળ અને લોટ તેમજ શીરો કે રાબ બનાવવા માટે વાસણ હોય છે.

**- સંકલન : સુંદરદાસ નેમીદાસ દોશી**

## સામતેર મહાજન

રસોડા દીઠ રૂા. ૫૦૦/- તા. ૧.૪.૨૦૧૮ થી તા. ૩૧.૩.૨૦૧૯ જેનાં બાકી હોય તો મોકલવા વિનંતી. આપને ત્યાં આવતાં પ્રસંગોએ સામતેર મહાજનને યાદ કરી ભેટ મોકલવા વિનંતી.

રૂા. ૫૦૦/- રસોડા દીઠ નીચે મુજબ આવેલ છે.

| | | |
|---|---|---|
| ધીરેન્દ્ર હરખલાલ ગાંધી | ભરત હરખલાલ ગાંધી | વિજય હરખલાલ ગાંધી |
| વર્ષા હર્ષદભાઈ ગાંધી | પરેશ હરકિશનદાસ | ભૂપેન્દ્ર જમનાદાસ |
| કિરીટ જમનાદાસ | કમલેશ જમનાદાસ | સકેતુ નગીનદાસ શાહ |
| સંજય નગીનદાસ શાહ | | |

સામતેર મુક્તિ ચૈતન્ય મહાપ્રભુ બેઠકમાં અખંડ જ્યોત ચાલે છે. તેમાં ઘી વર્ષમાં ૩૬ કિલો લાગે છે. એક કિલો ઘી રૂા. ૫૦૦/- લેખે જેને આપવા હોય તે મોકલવા વિનંતી. મુક્તિ ચૈતન્ય માટે આવેલ ઘી માટે આવેલ નામોની યાદી

સામતેરવાડી બુક કરાવવા માટે ભૂપતભાઈ દિક્ષિત : ૯૭૩૭૯ ૪૮૦૬૦

**: વધુ વિગત માટે સંપર્ક :**

**શશીકાન્તભાઈ - ૯૮૧૯૨ ૫૨૦૭૫ ભૂપેન્દ્રભાઈ - ૯૩૨૩૦૭૧૯૨૯**

**દિલીપભાઈ - ૯૩૨૨૨૨૪૩૦૨ અશ્વિનભાઈ - ૯૮૨૧૧૨૦૯૯૭**

***પ્રમુખ, શ્રી નટવરલાલ મહેતા - ૯૮૨૦૪૪૪૭૭૭***

------

### શ્રી નાઘેર સમાજ : શ્રી કમળાબહેન શાંતિલાલ કેળવણી

**ફંડ ઋણ પરત : D શૈક્ષણિક ઋણ પરત H આવાસ નિર્માણ**

| | | |
|---|---|---|
| જીગર કિર્તીકુમાર મહેતા | D | ૨૦૦૦ |
| કુ. વિધી રાજેશ શાહ | D | ૧૦૦૦ |
| મિતેન ચંદ્રકાન્ત કામદાર | D | ૨૦૦૦ |
| રોનક રાજેશ શાહ | D | ૩૦૦૦ |
| કુશ સંદિપ શાહ | D | ૧૦૦૦ |
| કુ. નિશિતા કિર્તીકુમાર શાહ | D | ૩૦૦૦૦ |
| લોન પૂર્ણ થઈ (૪૦૦૦/- જમા) | | |
| મયુર પ્રદિપ શાહ | D | ૧૦૧૦૦૦ |
| લોન પૂર્ણ થઈ (૧૦૦૦/- જમા) | | |
| કુ. જૈની સંજય શાહ | D | ૫૦૦૦ |
| કુ. મનાલી દિપક શાહ | D | ૨૦૦૦૦ |
| મેહુલ રમેશચંદ્ર ગાંધી (બે માસની) | D | ૨૦૦૦ |
| વિપુલ મનોહરદાસ શેઠ | H | ૨૦૦૦ |
| જસ્મીન કાંતીલાલ અજમેરા | H | ૧૦૦૦ |
| અલ્કા પ્રતિશ શાહ | H | ૧૦૦૦ |
| મેહુલ કિર્તીકુમાર શાહ | H | ૧૦૦૦ |
| અનિતા જયંતકુમાર શાહ | H | ૧૦૦૦ |
| રોહન પ્રકાશ શેઠ | H | ૨૦૦૦ |
| નિશીત પ્રકાશ શેઠ | H | ૨૦૦૦ |
| રશ્મિ રાજેન્દ્ર શાહ | H | ૧૦૦૦ |
| મીનાક્ષીબેન અરવિંદ શાહ | H | ૧૦૦૦ |
| આશિષ જયસુખલાલ શાહ (એપ્રિલ /મે) | H | ૨૦૦૦ |
| નરેન્દ્ર વિનોદ શાહ | H | ૨૦૦૦ |

## SHREE NAGHER SAMAJ (USA)

# RIGIONAL GET TOGHTER (EAST COAST)

First East Coast Get toghter

Dear Members,

You may be reading in our past emails of several activities being planned by Nagher Samaj of USA to engage our members and create a sense of pride of being a “Nagherein”.

We are happy to announce that the first regional get together for all the members on the east coast has been planned for August 25th, 2018 (Saturday) in the New Jersey area. This will be a fantastic opportunity for us to meet and greet other fellow “Nagheriens” residing in USA. We cordially invite everyone to participate with your entire family and help make this event an immense success. If you know of any member who may not have received this invitation email, we request you to send us their contact details and we will extend the invitation to them too.

Your RSVP through a return email (naghersamaj ofusa@gmail.com) is solicited to help the organizing team in making all the arrangements for the get to-gether. Please expect a phone call from one of the committee members as a reminder for this event. We would appreciate and welcome all your suggestions on activities that can be held during the event.

The east coast working committee looks forward to hosting you all at the get together and we sincerely hope this will be a great experience for each one of us. Shree Nagher Samaj President Harendrabhai Shah will alsobe present in the Meeting

Thank you and have a pleasant day.

**East Coast Working Committee**
**Neeta & Naren**
**(858) 737 -9999**

## BIO - DATA



| | |
|---|---|
| **Name** | : **Pooja Hareshkumar Sakhpara** |
| **DOB** | : 13th Sep. 1980 |
| **Time** | : 02.40 p.m. |
| **Place** | : Una (Junaghadh) Gujarat |
| **Height** | : 5'.4" |
| **Education** | : F.Y.B.A. |
| **Father's Name** | : Hareshkumar Pranlal Salhpara |
| **Mother's Name** | : Late Hemaxi Hareshkumar Sakhpara |
| **Religion** | : Dasha Shrimali Sthankwasi Jain |
| **Native Place** | : Gadhda (Swaminarayan) |
| **Siblings** | : Elder Sister : Rupali Bhavesh Ghelani (Ghatkopar) Presently Pune : M 093226 10280 |
| **Brother** | : Ankit Hareshkumar Sakhpara (Working in Mumbai) |
| **Maternal Uncle** | : Jaintilal Harkishandas Seth, UNA |
| **Contact** | : Bhavnagar Kiritbhai P. Sakhpara - 098252 07272<br>Pune Rupali B. Ghelani -93226 10280/96237 84658 |
| **Email id** | : ghelanirupa@yahoo.com, ankit.sakhpara@gmail.com |
| **Add** | : A/103, Bliss & Blessing CHS, 3rd dominic Colony, Tank Road, Orlem, Malad (W) |
| **Note** | : Widow within 6 months of Marriage |

## BIO DATA



| | |
|---|---|
| **Name** | : **Ankit Hareshkumar Sakhpara** |
| **DOB** | : 22nd Nov. 1988 |
| **Time** | : 03.33 p.m. |
| **Place** | : Botad (Bhavnagar) Gujarat |
| **Height** | : 6'.01" inch |
| **Education** | : HSC |
| **Working in** | : Private Company |
| **Father's Name** | : Hareshkumar Pranlal Salhpara |
| **Mother's Name** | : Late Hemaxi Hareshkumar Sakhpara |
| **Religion** | : Dasha Shrimali Sthankwasi Jain |
| **Native Place** | : Gadhda (Swaminarayan) |
| **Siblings** | : Elder Sister : 1. Rupali Bhavesh Ghelani (Ghatkopar) Presently Pune : M 093226 10280 / 96237 84658<br>2. Puja Hareskumar Sakhpara (Unmarried) 80807 46873 / 99254 73511 |
| **Maternal Uncle** | : Jayentibhai Harkishandas Seth, UNA |
| **Contact** | : Bhavnagar Kiritbhai P. Sakhpara : 098252 07272<br>Ankit : 73030 27559 / 70454 19122 |
| **Email id** | : ghelanirupa@yahoo.com, ankit.sakhpara@gmail.com |
| **Add** | : A/103, Bliss & Blessing CHS 3rd dominic Colony Tank Road, Orlem, Malad (W) |

# ચાલો ભારતની સફરે....

આપણા દેશના અનેક ધાર્મિક સ્થળોએ જાત્રાએ આપણે જઈએ છીએ. તેમજ દેશના જોવાલાયક કુદરતી સૌંદર્યના સ્થળે પ્રવાસ કરીએ છીએ. તેવા સ્થળોની વિશિષ્ટતા ટુંકમાં આપી આપ લખી જણાવશો તો નાઘેર દર્પણમાં તેને જરૂર સ્થાન આપશું આજે આપણે આપણા વતન ગરવી ગુજરાતના ગિરનારની ગરિમા વિશે શ્રી શૈલેશભાઈ વોરાએ લખેલ ગિરનારની ગરિમા રજુ કરીએ છીએ. આ વિષય ઉપર અન્ય લેખ અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખેલ લેખને આવકારશું. **- સંપાદક**

# આપણા સૌરાષ્ટ્રના ગિરનારની ગરિમા

ભારત દેશની સંસ્કૃતિ જગતના બીજા દેશોથી અલગ છે. અહીં ભગવાનના અવતારો થયા. અહીં નદીઓ પર્વતો, ડુંગરોની પૂજા કરાય છે. જેમ કે ગંગા, યમુના, નર્મદા, ડુંગરોમાં પાલીતાણા, પાવાગઢ, ગબ્બર આ સિવાય ગણાય નહીં તેટલા પાવનકારી સ્થળો છે. જેમાનો એક છે. ગિરનાર.

ગિરનારના ડુંગર પર જૈનોનું દેરાસર છે. માતા અંબાજી તેમજ ગુરૂદત્તાત્રેયના પગલા આમા મુખ્ય છે.

ઈતિહાસ કહે છે રામ રાખેંગારનું લડાઊમાં મૃત્યું થાય છે. તેના શિશને ખોળામાં લઈ રાણી આક્રંદ કરે છે અને ગિરનારને ઉભો જોઈ તેને ગોઝારો કહી ઠપકો આપે છે કે તારો ધણી હવે નથી રહ્યો તે તું અડીખમ ઉભો છે તરત જ ડુંગર પરની શિલાઓ ઉપરથી દડવા લાગે છે, બીજી જ ક્ષણે રાણી કહે છે મા પડ મારા આધાર ચોસલા કોણ ચડાવશે ચડાવનાર હતા રાખેંગાર... અને શિલાઓ ઉપરથી પડતી બંધ થઈ જાય છે. રાણી કહે છે ફરી આવો ઐતિહાસિક ગિરનાર કોણ બનાવશે.

આજે પણ ગિરનારની યાત્રાએ જાઓ તો અધ્ધર લટકતી પથ્થરની શિલાઓ જોવા મળે છે. ગિરનાર તપોભૂમિ છે કહે છે અહીં કેટલાક ગુપ્તાશ્રમ છે. જેમાં યોગીઓ વર્ષોથી તપ કરે છે પૂજ્ય જગજીવનબાપુ પણ ગિરનારને ઘણીવાર સંભારતા. આવી છે આપણા સૌરાષ્ટ્રના ગિરનારની ગરિમા....

**- શૈલેશ નંદલાલ વોરા**

## પ્રેમનું શીતલ પાણી

લોહીથી ખરડાયેલાં કપડાં લોહીથી ધોવાતા નથી.
એને સાફ કરવા નિર્મળ પાણી જોઈએ.
તમે દ્વેષથી ખરાડેયેલું હૈયુ દ્વેષથી ધોવાતું નથી.
વેરઝેરને શાંત કરવા તો પ્રેમની શિતલ જલ જોઈએ.
વેરથી વેર શમે નહિ જગમાં પ્રેમથી પ્રેમ વધે
જીવનમાં ભગવાન મહાવીરને જિજ્ઞાસુએ પ્રશ્ન કર્યા ભગવન!
જિન શાસનનો સાર શું ?
પ્રભુએ જવાબ આપ્યો જેવી ઈચ્છા તું તારા માટે રાખે છે.
એવું વર્તન તું બીજા પ્રત્યે પણ કર.
તું તારા માટે જે નથી ઈચ્છતો તેવું વર્તન બીજા પ્રત્યે પણ ન કરીશ.
હુસ જીવોને આત્મતુલ્ય સમજીને જીવવું
એ જ જિન શાસનનો સાર છે.

**સંકલન : કિર્તીકુમાર મોહનલાલ**

# માહિતી

## મુંબઈ સેંટ્રલ - અમદાવાદ દુરન્તો એકસપ્રેસ રાજકોટ સુધી લંબાવાઈ

| ગાડી સં. | પ્રસ્થાન | આગમન | સેવાના દિવસ |
|---|---|---|---|
| ૧૨૨૬૭ | મુંબઈ સેંટ્રલ ૨૩.૨૫ વાગ્યે | રાજકોટ જં. ૧૦.૫૫ વાગ્યે (બીજા દિવસે) | દરરોજ |
| ૧૨૨૬૮ | રાજકોટ જં. ૧૯.૦૫ વાગ્યે | મુંબઈ સેંટ્રલ ૦૬.૦૦ વાગ્યે (બીજા દિવસે) | દરરોજ |

**થોભશે : અમદાવાદ અને સુરેન્દ્રનગર**

**સંરચના : એસી પ્રથમ શ્રેણી, એસી ૨ ટાયર, એસી ૩ ટાયર**

---

## ચેરિટેબલ હોસ્પીટલોમાં હવે આર્થિક રીતે નબળા વર્ગના વધુને વધુ લોકો સારવાર કરાવી શકશે

ટ્રસ્ટની હોસ્પીટલોમાં સારવાર લેતા આર્થિક રીતે નબળા વર્ગના લોકોને રાહત આપતાં સરકારે વાર્ષિક આવકની મર્યાદા વધારી દીધી છે. અત્યાર સુધી આવી હોસ્પીટલોમાં એવા દર્દીઓને સબ્સીડાઈઝડ દરે સારવાર મળતી હતી. જેમની વાર્ષિક આવક એક લાખ રૂપિયા હતી. હવે આ આવક મર્યાદા વધારીને એક લાખ ૬૦ હજાર કરી દેવામાં આવી છે. આ નિર્ણયથી વધુ લોકોને આવી હોસ્પિટલોમાં સારવારનો લાભ મળશે.

ચેરિટી કમિશન સાથે સંકળાયેલા એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આવક મર્યાદા વધારવા માટે ઘણા સમયથી સૂચનો મળતા હતા. આ સંબંધમાં સંબંધિત અધિકારીઓ સાથે વાત કરીને પરિપત્ર બહાર પાડવામાં આવ્યું છે.

ટ્રસ્ટની આવી હોસ્પીટલોમાં આર્થિક રીતે નબળા લોકોને બે પ્રકારે મદદ કરવામાં આવતી હતી. નવા સરક્યુલર મુજબ વાર્ષિક રૂપિયા એક લાખ સાઠ હજારની આવકવાળાને સબ્સીડાઈઝડ દરે સારવાર મળશે. જયારે ૮૫ હજારની આવકવાળાનેં નિઃશુલ્ક ઈલાજ થશે. અગાઉ મફત સારવાર માટેની વાર્ષિક આવક મર્યાદા ૫૦ હજાર રૂપિયાની હતી.

આ નિર્ણયથી મુંબઈના કોકિલાબેન, જસલોક, બ્રીચકેન્ડી, હિન્દુજા, લીલાવતી સહિત ૭૮ હોસ્પીટલોમાં ગરીબોને સારવારમાં રાહત મળશે. ત્યારે રાજયમાં આવી ૩૦૦ હોસપિટલોમાં ગરીબોને લાભ મળશે.

ચેરિટેબલ હોસ્પીટલોમાં ગરીબ દર્દીઓની સારવાર માટે ૨૦ ટકા પથારીઓ અનામત રાખવામાં આવે છે.

*- જન્મભૂમિ તા. ૧૧.૦૩.૨૦૧૮*



બાળકને પરદેશમાં ભણાવા કરતાં, સંસ્કારના પાઠ ભણાવા અગત્યના છે.

# પુષ્પાંજલિ



: જન્મ :
તા. ૩૧.૦૩.૧૯૫૧

: સ્વર્ગવાસ :
તા. ૨૨.૦૫.૨૦૧૮

## સ્વ. જયસુખલાલ માણેકચંદ શાહ

(ગામ : ગાંગડા - તિલકનગર ચેમ્બુર)

સદાય અમારા દુ:ખને પોતાનું માની અને એમનાં દુ:ખને કદી ના જણાવી ભક્તિમય જીવન જીવતા રહ્યા
અલૌકિક સ્થાન પામતા રહ્યાં, સાદાઈની પરિભાષા સમજાવતાં રહ્યા
એવા અમારા જયસુખભાઈને કોટી કોટી વંદન પરમકૃપાળુ સદ્ગતના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

### : શોકાતુર :

| | | | |
|---|---|---|---|
| પિતા | : સ્વ. માણેકચંદ માધવજી શાહ | માતા | : સ્વ. કમળાબેન માણેકચંદ શાહ |
| પત્ની | : રશ્મિબેન જયસુખલાલ શાહ | | |
| પુત્ર - પુત્રવધુ | : તેજસ - મેઘના | પુત્રી જમાઈ | : હેતલ - પ્રશાંત |
| પૌત્રો | : પ્રથમ - દ્વિજ | દોહિત્રીઓ | : આશના - અનાયરા |
| ભાઈ | : નવીનભાઈ - સ્વ. અશોકભાઈ | | |
| બહેન | : મંગળાબેન પ્રવિણચંદ્ર   કુસુમબેન રજનીકાંત   સરોજબેન ભૂપેન્દ્ર | | |
| સાસુ - સસરા | : ગં. સ્વ. અનસુયાબેન - સ્વ. ધીરજલાલ ભાઈ | | |
| વેવાઈ | : ભાવનાબેન - સુરેશભાઈ   રંજનબેન - પ્રમોદભાઈ | | |

**સ્વ. માણેકચંદ માધવજી શાહ પરિવાર તથા ગં. સ્વ. અનસુયાબેન ધીરજલાલ પારેખ પરિવારના**

**જયશ્રીકૃષ્ણ**

સ્વ. જયસુખલાલ માણેકલાલ શાહના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી નીચે મુજબ ભેટ જાહેર કરેલ છે.
શ્રી નાઘેર સમાજ રૂા. ૨૫૦૦/- શ્રી માતાજી મહાલક્ષ્મી મંદિર રૂા. ૨૫૦૦/૦
શ્રી નાઘેર દશાશ્રીમાળી યુવક મંડળ રૂા.૨૫૦૦/-
સુપુત્રી હેતલબેન પ્રશાંતકુમાર તરફથી મોતિયાના બે ઓપરેશનના રૂા. ૫૦૦૦/-
શ્રી જગજીવબાપુ સેવાશ્રમ રૂા. ૨૫૦૦/-

# અશ્રુભીની શ્રદ્ધાંજલી







# સ્વ. પ્રભાબેન રતિલાલ પરમાર

(ગામ ગાંગડા હાલ ઘાટકોપર) ઉ.વ.૯૦

આપની વાત્સલ્યસભર છત્રછાયા ગુમાવ્યાથી અમે વ્યથિત થયા છીએ. આપનો પ્રેમાળ, ઉદાર, નિખાલસ, પરોપકારી સ્વભાવ તથા મુશ્કેલીના સમયમાં આપની બહોળી ધીરજ હુંફ તેમજ કુટુંબ પ્રત્યેની અનોખી ભાવના કદીએ ભુલાશે નહીં.
ખુબ ભાગ્યશાળી આત્મા કે જેને આખું જીવન બધાની સેવામાં કોઈ દિવસ કોઈની પાસે કોઈપણની અપેક્ષા વિના સહુને ખુશ રાખ્યા.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને દિવ્ય શાંતિ આપે એજ પ્રાર્થના.

## શોકાતુર

: પુત્ર - પુત્રવધુ :
મનસુખભાઈ
સ્વ. રમીલાબેન મનસુખભાઈ પરમાર

પૌત્ર : તેજશ

: પુત્ર - પુત્રવધુ :
પ્રવિણચંદ્ર
પ્રફુલાબેન પ્રવિણચંદ્ર પરમાર

: પૌત્રી :
વિદ્યાબેન પિયુષ કુમાર

: દિકરી :
હંસાબેન પ્રવિણચંદ્ર કામદાર દક્ષાબેન શાહ
સ્વ. પુષ્પાબેન પરમાર

: પૌત્રી :
દેવાંગીબેન દિપ કુમાર

તેમના સ્મરણાર્થે નીચે મુજબ સંસ્થાઓને ભેટ મળેલ છે .
રૂા. ૧૦૦૦/- શ્રી નાઘેર સમાજ, રૂા. ૫૦૦/-શ્રી જગજીવન બાપુ સેવા આશ્રમ સીમર, રૂા. ૫૦૦/- શ્રી જગજીવનબાપુ સેવા આશ્રમ સીમર - ગૌશાળા, રૂા. ૫૦૦/- શ્રી માતજી મહાલક્ષ્મી મંદિર સીમર
મોતિયાના ૮ ઓપેરેશન માટે તેમની દિકરીઓ પૌત્રી તથા ભત્રીજી તરફથી તેમના સ્મરણાર્થે
રૂા. ૧૧૦૦૦/- અ. સૌ. હંસાબેન પ્રવિણચંદ્ર કામદાર, રૂા. ૫૦૦૦/-દક્ષાબહેન શાહ, રૂા. ૨૫૦૦/-અ. સૌ. વિધિબહેન પિયુષકુમાર શાહ અને અ. સૌ. દેવાંગીબહેન દિપકુમાર

**June - 2018**

DATE OF PUBLICATION 5th of Every Month
Date of Posting 6 ot 7th Every Month

RNI 35919/80 posted Reg. No. MNE/97/2018-2020
License to Post without prepayment MR/Tech/WPP - 270/NE/2018
Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 1.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

## સ્વ. પદમાબેન જમનાદાસ મહેતા

ઉ.વ.૮૬ ● સ્વ. તા. ૧૯.૦૫.૨૦૧૮
ટીંબી નિવાસી - હાલ ગાંધીનગર





*જેમની આંગળી પકડી જગત જોતા શીખ્યા,*
*જેમની કર્મનિષ્ઠાએ અમને પરિશ્રમને પારસમણી કરતાં શીખવાડયું*
*એવા વંદનીય પૂ. માતુશ્રીને અમારા સર્વેની હૃદયપૂર્વક પુષ્પાંજલિ.*

રાજુલ મહેતા
સ્નેહા મહેતા
શ્રેયા - પ્રહર, હિતા

નિપુલ મહેતા
ક્રિષ્ણા મહેતા
નિલ - મેઘા, જૈમિન

સુકેતુ મહેતા
જીજ્ઞા મહેતા
નિધી - નિલ

તેમના પરિવાર તરફથી રૂા. ૧૫૦૦૦/- શ્રી નાઘેર સમાજ, રૂા. ૫૦૦૦/- શ્રી અજારા પાર્શ્વનાથ દેરાસર - અજાર,
રૂા. ૨૫૦૦/- ઉના દેલવાડા પાંજરાપોળ ટ્રસ્ટ,
રૂા. ૨૫૦૦/- શ્રી જગજીવનબાપુ સેવાશ્રમ, સીમર, રૂા .૨૫૦૦/- શ્રી માતાજી મહાલક્ષ્મી મંદિર, સીમર

*If Not Delivered Please return to*

SHREE NAGHER DASHASHRIMALI YUVAK MANDAL
**C/O. SHREE NAGHER SAMAJ**
Madhav Baug, 36/38, Jagdusha Nagar,
Golibar Road, Ghatkopar (W), Mumbai - 400 086
Tel. : 25151639 / 2515 3199